GSTIN: 24AAALM0547L1DB
કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ડાંસડી વાઠ, જુના બસ સ્ટેન્ડ પાસે, ભાગળ,સુરત-૩૯૫૦૦૩

જા.નં.- 2300 તા.- 31/5/23

પ્રતિ,

મુખ્ય શિક્ષકશ્રી,

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,

સુરત સંચાલિત તમામ પ્રાથમિક શાળાઓ.

વિષય : વિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષકો/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો/મુખ્ય શિક્ષકો માટેના બદલીના નિયમો બાબત.

સંદર્ભ : ૧. ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/ ૧૧૨૦૧૨/ ૬૨૧૦૬૫/ક/ભાગ-૧) તા.૧૧//૦૫/૨૦૨૩.

૨. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીના પત્ર ક્રમાંક: પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૩ /૩૨૫૩-૩૩૦૬ તા.૧૭/૦૫/૨૦૨૩.

૩. અત્રેની કચેરીના જા. નં.:૨૦૪૭ તા.૨૩/૦૫/૨૦૨૩.

૪. ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના સુધારા ઠરાવ ક્રમાંક:પીઆરઇ/ ૧૧૨૦૧૨/ ૬૨૧૦૬૫/ક/ભાગ-૧) તા.૦૨/૦૬/૨૦૨૩.

જત ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ઉપરોક્ત ક્રમ નં.-૧ ના ઠરાવથી ગુજરત રાજ્યની જિલ્લા/નગર શિક્ષણ સમિતિના કામ કરતા વિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષકો/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો/મુખ્ય શિક્ષકો માટે બદલીના નવા નિયમો જાહેર કરવામાં આવેલ છે. ઉક્ત ઠરાવમાં સંદર્ભ-૪ થી સુધારો કરવામાં આવેલ છે. જે આ સાથે સામેલ છે. જે મુજબ બદલી પ્રક્રિયા અમલમાં રહેશે. જેની નોંધ લેશો.

આ જાવક શાળાના તમામ શિક્ષકોને વંચાવી સહી લઇ દફ્તરે રાખશો.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત

બિડાણ :સંદર્ભ-૪ની નકલ.

વિદ્યા સહાયક / પ્રાથમિક
શિક્ષક /ઉચ્ચ પ્રાથમિક
શિક્ષકના બદલીના નિયમો.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ ક:પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧)
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૦૨/૦૬/૨૦૨૩

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૧/૦૫/૨૦૨૩નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૨/ ૬૨૧૦૬૫ /ક(ભાગ-૧)

(૨) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,ગાંધીનગરનો તા.૩૧/૦૫/૨૦૨૩ નો પત્ર ક:પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૩/૩૭૭૪

આમુખઃ-

આ વિભાગના વંચાણમાં લીધેલ ક્રમ-(૧) મુજબના ઠરાવથી ગુજરાત રાજ્યની જિલ્લા/નગર શિક્ષણ સમિતિઓમાં કામ કરતા વિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષકો/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો/મુખ્ય શિક્ષકો માટે બદલીના નવા નિયમો જાહેર કરવામાં આવેલ છે. આ ઠરાવની જોગવાઇઓ બાબતે વિભાગને મળેલ વિવિધ રજૂઆતો ધ્યાને લઇ પુખ્ત વિચારણાના અંતે ઉકત ઠરાવમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

સુધારા ઠરાવ:

| ક્રમ | ઠરાવનું પ્રકરણ | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ/નવી જોગવાઇ |
|---|---|---|---|
| ૧. | પ્રકરણ-મ(અ)(૪) વધ-ઘટ બદલી | વધ-ઘટ બદલી માટે વધ નક્કી કરવામાં તથા વધ શિક્ષકને ખાલી જગ્યાઓ પર મૂકવાના તમામ કિસ્સાઓમાં જે તે વિભાગ/વિષયની જ સ્પષ્ટ વધ નકકી કરવાની રહેશે અને જે તે | વધ-ઘટ બદલી માટે વધ નકકી કરવામાં તથા વધ શિક્ષકને ખાલી જગ્યાઓ પર મૂકવાના તમામ કિસ્સાઓમાં જે તે વિભાગ/વિષયની જ સ્પષ્ટ વધ નકકી કરવાની રહેશે અને જે તે વિભાગ/વિષયની સ્પષ્ટ ખાલી જગ્યા પર જ વધ સરભર કરવાની રહેશે. |

| | | | |
|---|---|---|---|
| | | વિભાગ/વિષયની સ્પષ્ટ ખાલી જગ્યા પર જ વધ સરભર કરવાની રહેશે.<br>વધ બદલી કેમ્પના હુકમ પછીના ૫(પાંચ) વધ-ઘટ કેમ્પમાં મૂળ શાળામાં પ્રથમ ખાલી જગ્યા ઊભી થાય ત્યારે વિદ્યાસહાયક/ શિક્ષકને પોતાના વિભાગ/ વિષયની ચોખ્ખી ખાલી જગ્યા પર મૂળ શાળામાં તેઓ પોતે જવા ઇચ્છે તો જવાની પ્રથમ તક આપવાની રહેશે. જો મૂળ શાળામાં પરત જવાની તકનો અસ્વીકાર કરે તો મૂળ શાળા પરતનો લાભ ફરી ક્યારેય આપી શકાશે નહી. ત્યાર બાદ જ વધ-ઘટ કેમ્પની અન્ય કાર્યવાહી શરૂ કરવાની રહેશે. | વધ-ઘટ બદલી કેમ્પના હુકમ પછીના વધ-ઘટ કેમ્પ તથા જિલ્લા આંતરિક માંગણી બદલી કેમ્પ સહિત કુલ-૫(પાંચ) કેમ્પમાં મૂળ શાળામાં પ્રથમ ખાલી જગ્યા ઊભી થાય ત્યારે વિદ્યાસહાયક/ શિક્ષકને પોતાના વિભાગ/ વિષયની ચોખ્ખી ખાલી જગ્યા પર મૂળ શાળામાં તેઓ પોતે જવા ઇચ્છે તો જવાની પ્રથમ તક આપવાની રહેશે. જો મૂળ શાળામાં પરત જવાની તકનો અસ્વીકાર કરે તો મૂળ શાળા પરતનો લાભ ફરી ક્યારેય આપી શકાશે નહી. ત્યાર બાદ જ વધ-ઘટ કેમ્પની અન્ય કાર્યવાહી શરૂ કરવાની રહેશે. |
| ૨. | પ્રકરણઃ-K જિલ્લા આંતરિક માગણી બદલી | - | પ્રકરણ-K(૧)(બ)<br>વધ બદલી કેમ્પના હુકમ પછીના વધ-ઘટ કેમ્પ તથા જિલ્લા આંતરિક માંગણી બદલી કેમ્પ સહિત કુલ-૫(પાંચ) કેમ્પમાં મૂળ શાળામાં પ્રથમ ખાલી જગ્યા ઊભી થાય ત્યારે વિધાસહાયક/ શિક્ષકને જિલ્લા આંતરિક બદલી કેમ્પમાં પોતાના વિભાગ/ વિષયની ચોખ્ખી ખાલી જગ્યા પર જો તેઓ જવા ઇચ્છે તો જવાની પ્રથમ તક આપવાની રહેશે. |

૨. આ સુધારેલ ઠરાવની જોગવાઇઓ 'નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણે તમામ સંબંધિતોના ધ્યાન પર લાવવાની રહેશે અને તેના અમલીકરણ માટે સત્વરે જરૂરી હોય તેવી વહીવટી સુચનાઓ આપી શકશે.

3. આ વિભાગના તા.૧૧-૦૫-૨૦૨૩ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપરની સરકારશ્રીની તા.૦૧.૦૬.૨૦૨૩ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશ્રી દેવાંગન)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

ક્રમાંક:પ્રાશિનિ/ક-નીતિ/2023/3૯32-3૯૧૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડો. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા.૦૨/૦૬/૨૦૨૩.

શિક્ષણ વિભાગના તા:- ૦૨/૦૬/૨૦૨૩ ના સુધારા ઠરાવથી તા.૧૧/૦૫/૨૦૨૩ના ઠરાવમાં સુધારો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.જેની જાણ શૈક્ષણિક સંઘઠનના પ્રતિનિધિઓ અને આપના તાબાના તમામ શિક્ષકોને કરવાની રહેશે.

(ડૉ.એસ.પી.ચૌધરી)
સંયુક્ત શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

<u>નકલ રવાના જાણ અર્થે.</u>

- **જિલ્લા શિક્ષણાધિકારીશ્રી-તમામ**
- **જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી-તમામ**
- **શાસનાધિકારીશ્રી-તમામ.**